## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ



પ્રભુ... મારાથી અધિક શ્રાવણનાં ઊપવાસ નથી થતા... ખાલી દાઢી વધારીશ...ચાલશે ને ...??

# ઈન્દ્રોડા ગામે પાણી ઢોળાયાની સામાન્ય બાબતે મા-દિકરાને ધોકો માર્યો

ગાંધીનગર, તા.૩૧
ગાંધીનગરના ઈન્દ્રોડા ગામે રામજી મંદિરની બાજુમાં રહેતા યુવકે ગાડી ધોઈ હોવાથી પાણી ઢોળાતા બાજુમાં રહેતા શખ્સે ઝઘડો કરી ગાળાગાળી કરી મા-દિકરાને ધોકા મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઈન્દ્રોડા ગામ રામજી મંદિર બાજુમાં સવિતા બા દશરથસિંહ ગોહિલ પરિવાર સાથે રહે છે. તેણીના પતિ મરણ ગયેલ છે. સવિતાબાને સંતાનમાં ત્રણ દિકરી અને એક દિકરો છે. દિકરીઓ સાસરીમાં રહે છે. જયારે દિકરો તેમની સાથે રહે છે. આજે સવારના સાડા દશ વાગે ફરીયાદીના દિકરા મહેન્દ્રસિંહે ઘરની સામે રોડ ઉપર ગાડી ધોઈ હતી. જેથી પાણી રોડ પર જતા તેમની સામે રહેતા નરેન્દ્રસિંહ કાનાજી ગોહિલ પાણી ઢોળવા અંગે બોલાચાલી કરતા હતા. આ સમયે મહોલ્લાના વ્યકિતઓએ વચ્ચે આવીને છોડાવ્યા હતા.

ત્યારબાદ ફરીયાદીનો દિકરો મહેન્દ્રસિંહ તેની પત્નીને સાસરીમાં મુકવા ગયો હતો. તે સાંજના ઘરે પરત આવ્યો હતો. જયારે સવારના ઝઘડાને લઈ નરેન્દ્રસિંહ ગોહિલને સમજાવવા જતા સાંજના સાડા પાંચ વાગે બુમો પાડીને ફરીયાદીના દિકરાને ગાળો બોલતો હતો. જેથી મા-દિકરાએ ગાળો કેમ બોલો છો તેમ કહેતા તે એકદમ ઉશ્કેરાઈ ગયો હતો. તેના હાથમાં રહેલો ધોકો મારવા આવતા ફરીયાદીએ વચ્ચે હાથ વચ્ચે કરતા ધોકો બંને હાથે વાગ્યો હતો. જયારે મા ને લોહી નીકળતુ જોઈ દિકરો છોડાવવા વચ્ચે પડતા નરેન્દ્રસિંહે યુવકને પણ ધોકો માર્યો હતો. આ સમયે હોહા થતા કૌટુંબીક વ્યકિતઓ આવી પહોંચતા નરેન્દ્રસિંહ જતો રહ્યો હતો.જયારે જતા જતા પણ આજે તો બચી ગયા છો ફરીથી આવુ કરશો તો જાનથી મારી નાંખીશ તેમ ધમકી આપી હતી. મા-દિકરાને ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## ખૂણેખાંચરેથી

- એ કઝીબીશન સેન્ટરને હવે ફરતે ગ્રીલ લગાવી તેને વધુ સુરક્ષિત કરવામાં આવશે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે પણ ફરફરિયો વરસાદ ચાલુ રહ્યો હતો.
- શહેરમાં પૂરણની કામગીરી યોગ્ય રીતે ન થતાં આજે પણ ભુવાઓ પડવાનો ક્રમ યથાવત રહેવા પામ્યો છે.
- શહેરના કાઉન્સીલરોને આજે પણ નગરજનો ખાડાઓને લઈ ફરિયાદો કરી રહ્યા છે.
- માહિતી ખાતામાં મિનેસ ત્રિવેદી અને સંયુક્ત માહિતી નિયામક કે.સી. કણજારીયા વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.
- અધિક સચિવ તરીકે જયદીપ દ્વિવેદી પણ આજે વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.
- કર્મચારી અગ્રણી જયેશ રાવલ પણ વય મર્યાદાને લઈ સેવાનિવૃત્ત થયા છે.
- સિવિલ હોસ્પિટલની બ્લડ બેન્કમાં સેવા આપતા શ્રીમતિ કીશાબેન રાવલ પણ વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.
- સે. ૫ સિનીયર સિટીઝન હોલમાં મહિલા મંડળે અધિકમાસની એકાદશી નિમિત્તે સત્યનારાયણ ભગવાનની કથા યોજી હતી.
- પેથાપુર પોલીસે સરઢવ ગામેથી જુગાર રમતા ૪ પત્તા પ્રેમીઓ ઝડપાયા.
- માણસા પોલીસે લોદરા ગામની સીમમાંથી વિદેશી દારૂની ૧૯૩ નંગ બોટલો ઝડપી.
- પેથાપુર ગામમાં ઘર પાછળ પાર્ક કરેલ બાઈકની ઉઠાંતરી થઈ.
- વાસણના પ્રસિદ્ધ વૈજનાથ મહાદેવ ખાતે ત્રિદિવસીય મહારૂદ્ર યાગની પૂર્ણાહુતિ ભક્તિસભર માહોલમાં થઈ હતી અને સમગ્ર પંથક હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યો હતો.
- ગાંધીનગર શહેરમાં જિલ્લાની કચેરીઓમાં આજે મુલાકાતીઓની સંખ્યા ખુબ ઓછી જણાઈ હતી.
- ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાના કેસોમાં વધારો થતાં તંત્રની દોડધામ વધી છે.

## કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન



ગાંધીનગર, તા. ૩૧
કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે તારીખ ૨૬-૭-૨૦૨૩ કારગિલ દિન નિમિત્તે સેક્ટર-૨૫ એરફોર્સના ઓફીસરો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. અને એરફોર્સના અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીઓને ચોપડો, પેન, ટોપી, કેલેન્ડર આપવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ મેડમના માર્ગદર્શન હેઠળ પુરો થયો હતો.


## સેક્ટર-૮ પીજી હોસ્ટેલની સામે પાર્ક કરેલા કેટીએમ બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૩૧
શહેરના વીઆઈપી સેક્ટર-૮ બગીચાની બાજુમાં પીજી હોસ્ટેલની સામે પાર્ક કરેલ કેટીએમ બાઈકની ચોરી થવા પામી છે. યુવકે રૂ.૧.૨૦ લાખના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ શહેરના સેક્ટર-૮ પ્લોટ નં.૩૬૪ ખાતે પીજીમાં ધવલ રતિલાલ પટેલ મિત્રો સાથે રહે છે. ધવલ પટેલ રાયસણ ખાતે આવેલી ઈન્ટરનેશનલ ઓટો મોબાઈલ સેન્ટર ઓફ એક્સિલન્સ કોલેજમાં અભ્યાસ કરે છે.

યુવક પાસે કોલેજ આવવા જવા માટે કેટીએમ બાઈક નં. જી.જે.૦૫.પી.ક્યું-૯૮૬૧ હતું. ગતરોજ રાત્રીના ૯ વાગે ઘરેથી બાઈક લઈ ફળફળાદી ખરીદવા માટે ગયા હતા.જયારે ૧૦ વાગે પરત આવીને બાઈક ઘરની સામે પેવર બ્લોક ઉપર બગીચાની નજીક પાર્ક કર્યું હતું. જયારે બીજા દિવસે સવારે પાર્ક કરેલી જગ્યા પર બાઈક લેવા જતા જણાયું ન હતું. જેથી સેકટરમાં તેમજ આસપાસના વિસ્તારમાં બાઈકની શોધખોળ કરી હતી.પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. જેથી યુવકે રૂ.૧.૨૦ લાખના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાતા વધુ તપાસ હાથ ધરી છે.

## પ્રકૃત્તિને પ્રેમ કરીએ



ગાંધીનગર,તા.૩૧
સુંદર ગાંધીનગર, રળિયામણું ગાંધીનગર કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. વિશ્વમાં " ગ્રીન ગાંધીનગર " તરીકે આપણી ઓળખ પણ છે. અને એમાં પણ ઈન્દ્રોડા પાર્ક તો ગાંધીનગર નું ઘરેણું છે. જ્યાં શિયાળાની સવાર અને ચોમાસાના દિવસો માણવા લાયક હોય છે. ભલે પાંજરે પુરાયેલ હોય પરંતુ વન્યજીવો ક્યારેક એવો સુંદર પોજ આપી દે છે કે વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કર્યાનો સંતોષ થઈ જાય છે. બસ પ્રકૃતિને પ્રેમ કરો , પ્રકૃતિને માણતા થઈ જશો અને રોજ આવી નવી તસ્વીરો પણ જરૂર મળશે.



પીડબલ્યુડી અને ફોરેસ્ટ યુનિયનના ઉપપ્રમુખ રામાજી ચૌહાણે કર્મચારીઓના બાકી લાભો માટે ધારાસભ્ય રીટાબેન પટેલને રજૂઆત કરી હતી. આ રજૂઆત અન્વયે ધારાસભ્ય રીટાબેન પટેલ દ્વારા સકારાત્મક અભિગમ અપનાવવામાં આવતા કર્મચારી મંડળો દ્વારા તેમનુ પુષ્પગુચ્છ આપી તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતુ.

## સેક્ટર-૧૩ માતૃભુમી હોસ્ટેલમાંથી યુવકનો મોબાઈલ ચોરાયો

ગાંધીનગર, તા.૩૧
શહેરના સેક્ટર-૧૩ એ પ્લોટ નં.૨૫૨ માતૃભુમી હોસ્ટેલ ખાતે રહેતા યુવકનો રૂ.૧૫ હજારના મોબાઈલની ચોરી થવા પામી છે.યુવકે સેક્ટર-૭ પોલીસ મથકે મોબાઈલ ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબ મુળ વાવ તાલુકાના બુકણા ગામનો અને હાલ સેકટર-૧૫ કોમર્સ કોલેજ ખાતે ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો અમરત વજાભાઈ પરમાર સેકટર-૧૩ માતૃભુમી હોસ્ટેલ ખાતે રહે છે. ગતરોજ રાત્રીના સાડા બાર વાગે તેના પલંગના ઓશીકા પાસે વીવો કંપનીનો વી૨૧ઈ મોબાોઈલ ફોન મુકીને સુઈ ગયો હતો.યુવકે સવારે સાત વાગ ઉઠીને જોયુ તો મોબાઈલ ફોન મળી આવ્યો ન હતો. જેથી પીજીમાં રહેતા અન્ય વ્યકિતઓની પુછપરછ કરી હતી પરંતુ મોબાઈલ અંગે કોઈ માહિતી મળી ન હતી. જેથી યુવકે રૂ.૧૫ હજારના મોબાઈલ ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

## ભાઈજીપુરા ગામેથી વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૩૧
ગાંધીનગરના ભાઈજીપુરા ગામના ઠાકોરવાસ ખાતે વરલી મટકાનો જુગાર રમાડતા શખ્સને રૂ.૧૦ હજારથી વધુના મુદ્દામાલ સાથે પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે ભાઈજીપુરા ગામના ઠાકોરવાસ પાસે પડી રહેલા બાકડા પર બેઠેલો શખ્સ મંગાજી ઠાકોર વરલી મટકાનો જુગાર રમાડે છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ મંગાજી ઠાકોરને પોલીસે પકડી પાડ્યા હતા.જયારે લખાવનાર શખ્સ પોલીસને જોઈ ગલીઓમાં નાસી ગયો હતો. જયારે પોલીસે શખ્સ પાસેથી વરલી મટકાનું સાહિત્ય તેમજ રૂ.૧૦ હજારથી વધુ મુદ્દામાલ કબ્જે કર્યો હતો.બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સુંદરકાંડ સંગીતમય પાઠ આજે લેકમે એકેડેમી, સરગાસણ ખાતે યોજાશે.

પવિત્ર અધિક પુરુષોત્તમ માસ અંતર્ગત શ્રી રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય કથા- પાઠ શ્રી કાન્તિભાઈ યોગી ની વ્યાસપીઠે આજ તા. ૧-૮-'૨૩, મંગળ વારના રોજ બપોરે ૨-૦૦ થી ૪-૦૦ કલાક દરમિયાન છ-૨૦૧, લેકમે એકેડેમી, અત્રિય ધ બિઝનેસ હબ, સરગાસણ ચાર રસ્તા પાસે, ગાંધીનગર ખાતે યજમાનશ્રી ડોલી ચૌધરી અને મૌલિક ચૌધરીના યજમાનપદે યોજશે.

## "જોબ ઈન્ટરવ્યુ એટિકેટ્સ" વિષય પર બીબીએ કૉલેજ દ્વારા વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા. ૩૧
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર,સેકટર-૨૩માં આવેલી બીબીએ કૉલેજ ખાતે





વિદ્યાર્થીઓ માટે ઉપરોક્ત વિષય પર વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું.કોલેજના આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિ વર્કશૉપમાં ઉપસ્થિત રહ્યા હતા.અને વિદ્યાર્થીઓને કોલેજ દ્વારા આયોજિત થતાં વર્કશોપનો મહત્તમ લાભ લેવા જણાવ્યુ હતું.ઉપાચાર્ય તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડૉ.જયેશ તન્ના સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને આજના વિષયની માહિતી આપી હતી.તેમજ સમગ્ર વ્યવસ્થા ગોઠવી હતી.ત્યારબાદ તેઓએ મુખ્ય વક્તા સત્ય મહેતા ફાઉન્ડર ડિરેક્ટર-રૂમ પે પ્રાઈવેટ.લી. તેમજ દેવલ પટેલ કે જેઓ પણ તેઓની સાથે વ્યાવસાયિક રીતે જોડાયેલા છે. આ બન્ને આપણીજ કોલેજના ભુતપૂર્વ વિદ્યાર્થીઓ છે તેઓને કોલેજ વતી આવકાર્યા હતા.ત્યારબાદ મુખ્યવક્તા દ્વારા વિદ્યાર્થીઓને સફળ કારકિર્દી ઘડવા માટે ઈન્ટરવ્યુ એટિકેટ્સ માટે માર્ગદર્શિત કર્યા હતા.સફળ કારકિર્દીના ઘડતર માટે વિદ્યાર્થીઓને લર્નિંગ પ્રોબ્લેમ સોલ્વીંગ-વિથ ક્રીટીકલ થિંકિંગ પર પોતાની સ્કીલ ડેવલોપ કરવા માટે ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.તેમણે વિવિધ ઉદાહરણો તેમજ તેમના સ્વાનુભવથી સરળ તેમજ સફળ ટીપ્સ આપી હતી.વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુ બાબતે ધ્યાનમાં રાખવાની બાબતો પર ઝીણવટ પૂર્વક સમજ આપી હતી.સાથે સાથે રેઝ્યુમે માં કેવા પ્રકારની બાબતનો ઉલ્લેખ કરવો અને પ્રાયોગિક અભિગમ કેળવવા માટે વિદ્યાર્થીઓને તેઓએ જણાવ્યુ હતું.



ગાંધીનગર રેન્જ આઈજી તરીકે વિરેન્દ્રસિંગ યાદવ અને જિલ્લા પોલીસ વડા તરીકે વાસમશેટ્ટી રવિતેજાએ આજરોજ હોદ્દાનો ચાર્જ સંભાળ્યો હતો તે પ્રસંગની તસ્વીર.

### કુલાધિપતિ અને રાજ્યપાલની અધ્યક્ષતામાં

## ગાંધીનગર ખાતે ચિલ્ડ્રન્સ યુનિ.નો ચોથો દીક્ષાંત સમારોહ સંપન્ન





ગાંધીનગર,તા.૩૧
શ્રેષ્ઠ માનવના નિર્માણ માટે બાળકનું શ્રેષ્ઠ હોવું અનિવાર્ય છે. આ માટે પ્રયત્નશીલ ભારતની અને સંભવતઃ વિશ્વની પહેલી એવી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ૧૪મા સ્થાપના દિવસ અને ચોથા દીક્ષાંત સમારોહનું આજે ગાંધીનગરમાં ભવ્ય આયોજન કરાયું હતું.

સ્વર્ણિમ સંકુલ-૧ના સાબરમતી ખંડમાં યોજાયેલા આ સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્થાપિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ભારતીય મૂલ્યો અને સંસ્કારોથી મહાન મનુષ્યના નિર્માણ માટે સંકલ્પબદ્ધ છે. શ્રેષ્ઠ માનવના સર્જન માટે પ્રયત્નશીલ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સમગ્ર ટીમને તેમણે અભિનંદન આપ્યા હતા.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ અવસરે કહ્યું હતું કે, આ ધરતી પર સૌથી શ્રેષ્ઠ પ્રાણી મનુષ્ય છે, પણ જો તેમાં માનવતા અને મૂલ્યો હોય તો. અન્યથા મનુષ્યથી ક્રૂર અને દુષ્ટ પ્રાણી બીજું કોઈ નથી. શ્રેષ્ઠ મનુષ્ય શાંતિ અને સુખ આપે છે. મનુષ્ય જ સ્વર્ગ અને નરક સર્જે છે. આવા શ્રેષ્ઠ મનુષ્યનું નિર્માણ કઠિન છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી શ્રેષ્ઠ મનુષ્યના નિર્માણના વિઝન અને ચિંતનથી આ દિશામાં મહત્વનું કામ કરી રહી છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ચાઈલ્ડ સાયકોલોજીસ્ટ સિગમન્ડ ફ્રાઈડનું ઉદાહરણ આપતાં કહ્યું હતું કે, એમની છેલ્લી અવસ્થામાં કોઈએ એમને પૂછ્યું કે, "બાળકનું સારામાં સારું ઘડતર ક્યારે થાય છે?" ત્યારે તેમણે કહ્યું કે," મા ના ખોળામાં સૂતેલું બાળક જ્યારે પોતાના પગનો અંગૂઠો મોઢામાં લેતાં શીખે છે ત્યારે તેનું શ્રેષ્ઠ ઘડતર થાય છે.

ભારતીય સંસ્કૃતિ અને ભારતીય ઋષિમુનિઓ સિગમંડ ફ્રાઈડથી પણ આગળ છે. આપણા શાસ્ત્રો કહે છે કે, ગર્ભમાં જ બાળકને સંસ્કાર અને શિક્ષણ મળે છે. ભારતીય જીવનમૂલ્યો અને પરંપરા પ્રમાણે વિવિધ પ્રકારના ૧૬ સંસ્કારોની ભઠ્ઠીમાં તપીને કુંદન તૈયાર થાય છે. મા ના ગર્ભમાં જ બાળક સાંભળવાનું શરૂ કરે છે.

## ચિલોડા સેવા કેન્દ્ર રાજયોગ દ્વારા મનની એકાગ્રતા વિષય પર સેમિનાર



ગાંધીનગર,તા.૩૧
બ્રહ્માકુમારીઝ ચિલોડા સેવાકેન્દ્ર ખાતે રવિવાર, ૩૦ જુલાઈ, ૨૦૨૩ ના રોજ સવારે ૯:૦૦ વાગ્યે રાજયોગની પ્રેક્ટિસ કરતા ભાઈઓ અને બહેનોના તે બાળકોને સન્માનિત કરવામાં આવ્યા હતા કે જેમણે તેમના વર્ગમાં ૯૦% થી ઉપર ટકાવારી લાવી હતી. ગ્રીન વેલ્યુ સ્કૂલના ૩૫ જેટલા બાળકો સામે પ્રોત્સાહક તરીકે આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

જેમની સામે આદરણીય રાજયોગિની તારાદીદીજીએ 'રાજયોગ દ્વારા મનની એકાગ્રતા શક્તિ કેવી રીતે વધારવી' એ વિષય પર પ્રકાશ પાડ્યો અને દરેકને આશીર્વાદ પણ આપ્યા. આ સાથે, બીએસએફના સેકન્ડ ઈન કમાન્ડ અજયભાઈજીએ બાળકોની સામે સહનશીલતાના મૂલ્યોને ઉજાગર કર્યા હતાઆ કાર્યક્રમમાં શાળાના માલિક નિલેશભાઈજી, મિસ ખીનાબેન અને શાળાનો સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યો હતો.

દરેકને પ્રોત્સાહન તરીકે ભેટ સોગાત આપવામાં આવી હતી.

અને પ્રભુ પ્રસાદના રૂપમાં નાસ્તો પણ પીરસવામાં આવ્યો હતો. આ કાર્યક્રમથી દરેકના ચહેરા પર અનોખી ખુશી છલકાતી હતી.

## એસ.વી. શાળામાં 'ગ્રીન ડે' ઉજવાયો



ગાંધીનગર, તા. ૩૧
શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં તા. ૨૨ જુલાઈના રોજ 'ગ્રીન ડે' ઉજવવામાં આવ્યો હતો. જે અંતર્ગત નર્સરી, જુનિયર કે.જી. અને સિનિયર કે.જી.ના બાળકો ગ્રીન કલરના ડ્રેસ પહેરીને તથા ગ્રીન કલરની વસ્તુઓ જેવી કે રમકડાં, શાકભાજી, ફળ, ફ્લાવર, બેગ, લંચબોક્સ, કંપાસ લઈને શાળાએ આવ્યા હતા. શિક્ષિકાઓએ બાળકોને ગ્રીન કલરના વિવિધ શેડ વિષે માહિતી આપી. ફિંગર પ્રિન્ટની અને લીફ સ્ટિકિંગની એક્ટિવિટી કરાવી હતી. આ સાથે બાળકોએ શાળા દ્વારા આપવામાં આવેલા પ્રોજેક્ટ 'સેવ ધ અર્થ' અંતર્ગત પોતાના ઘરના પ્રાંગણમાં અને ફ્લેટની બાલ્કનીમાં પરિવાર સાથે મળીને વૃક્ષારોપણ કરી, લોકોમાં જાગૃતિ ફેલાવી, 'સેવ ધ અર્થ'નો એક સુંદર સંદેશ સમાજમાં વહેતો મુક્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં વાલીમિત્રોનું પ્રદાન અને ઉત્સાહ નોંધનીય રહ્યા હતા.

ટચૂકડી જાહેર ખબર

**Name Change**

My old name as Prajapati Nimesh Tribhovandas to New name Prajapati Nimeshkumar Tribhovandas
Add : C-301, Siddharth Residency, Opp. Royal Bunglows, New Vavol, Gandhinagar-382016